# ૭.૫ નવકાર મંત્રનો પરિચય

મૂળ મંત્ર ઃ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં.

(પદ-૫, ગુરૂ-૩, લઘુ-૩૨, કુલ અક્ષર-૩૫)

ચૂલિકા ઃ એસો પંચનમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં

(પદ-૪, ગુરૂ-૪, લઘુ-૨૯, કુલ અક્ષર-૩૩)

અર્થ ઃ અરિહંતોને નમસ્કાર થાઓ ! સિદ્ધોને નમસ્કાર થાઓ ! આચાર્યોને નમસ્કાર થાઓ ! ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ ! લોકમાં સર્વ સાધુઓને નમસ્કાર થાઓ !

આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપોનો મૂળથી નાશ કરનાર અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલરૂપ થાય છે. (પદ-૯, સંપદા-૮, ગુરૂ-૭, લઘુ-૬૧, કુલ અક્ષર-૬૮)

વિધિપૂર્વક ક્રિયા કરવા માટે જેની આરાધના કરવી છે, તે વસ્તુના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે. નવકારમંત્ર બરાબર ભણાય-ગણાય તે માટે તેનું બાહ્ય અને આંતરિક સ્વરૂપ સમજી લેવાની જરૂર છે.

બાહ્ય સ્વરૂપ એટલે મંત્રનો અક્ષરદેહ. તે બરાબર જળવાઈ રહેવો જોઈએ. શ્રી નવકાર મંત્રમાં પદો ૯ છે. સંપદાઓ ૮ છે અને અક્ષરો ૬૮ છે. આ અડસઠ અક્ષરોમાં ગુરુ એટલે જોડાક્ષરો ૭ છે અને લઘુ એટલે સાદા અક્ષરો ૬૧ છે.

* નવ પદોની રચના ઃ

શ્રી નવકાર મંત્રના નવ પદોની ગણના આ રીતે થાય છે.

નમો અરિહંતાણં ! એ પહેલું પદ.

નમો સિદ્ધાણં ! એ બીજું પદ.

નમો આયરિયાણં ! એ ત્રીજું પદ.

નમો ઉવજઝાયાણં ! એ ચોથું પદ.

નમો લોએ સવ્વસાહૂણં ! એ પાંચમું પદ.

એસો પંચનમુક્કારો ! એ છઠ્ઠું પદ.

સવ્વપાવપ્પણાસણો ! એ સાતમું પદ.

મંગલાણં ચ સવ્વેસિં ! એ આઠમું પદ.

પઢમં હવઈ મંગલં ! એ નવમું પદ.

* સંપદા આઠ ઃ સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન. શાસ્ત્રમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે. - સાડ્ગત્યેન પદ્યતે-પરિચ્છિદ્યતેડર્થો યાભિરિતિ સંપદઃ જેનાથી સુસંગત રીતે અર્થ જુદો પાડી શકાય તે સંપદા. આવી સંપદા નવકારમાં આઠ છે. પ્રથમ સાત પદની સાત અને આઠમા-નવમા એ બે પદની એક એમ કુલ આઠ.

* ગુરૂ લઘુ અક્ષરો ઃ અક્ષરોની ગણનામાં જોડાક્ષરને એક જ ગણવાનો છે, દોઢ નહિ. આ રીતે નવકાર મંત્રના અક્ષરો ૬૮ થાય છે.

પ્રથમ પદ ‘નમો અરિહંતાણં’ માં અક્ષરો સાત છે અને તે સાતેય લઘુ છે. બીજા પદ ‘નમો સિદ્ધાણં’ માં અક્ષરો પાંચ છે, તેમાં ચાર લઘુ છે અને એક ગુરુ છે. સિદ્ધાણંમાં દ્ધા અક્ષર ગુરુ છે. ત્રીજા પદ ‘નમો આયરિયાણં’ માં અક્ષરો સાત છે, તે સાતેય લઘુ છે. ચોથા પદ ‘નમો ઉવજયાયાણં’ માં અક્ષરો સાત છે, તેમાં છ લઘુ અને ગુરુ છે. ઉવજયાયાણં માં જયા અક્ષર ગુરુ છે. પાંચમા પદ ‘નમો લોએ સવ્વસાહૂણં’ માં અક્ષરો નવ છે, તેમાં આઠ લઘુ અને એક ગુરુ છે. સવ્વસાહૂણં નો વ્વ અક્ષર ગુરુ છે. આ રીતે પાંચ પદમાં ૩૫ અક્ષરો છે, તેમાં ૩૨ લઘુ અને ત્રણ ગુરુ છે. છઠ્ઠા પદ ‘એસો પંચનમુક્કારો’ માં અક્ષરો આઠ છે, તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. પંચનમુક્કારો નો ક્કા અક્ષર ગુરુ છે. સાતમા પદ ‘સવ્વપાવપ્પણાસણો’ માં અક્ષરો આઠ છે, તેમાં છ લઘુ અને બે ગુરુ છે. આ પદમાં વ્વ અને પ્પ એ અક્ષરો ગુરુ છે. આઠમા પદ ‘મંગલાણં ચ સવ્વેસિં’ માં અક્ષરો આઠ છે, તેમાં સાત લઘુ અને એક ગુરુ છે. સવ્વેસિં નો વ્વે અક્ષર ગુરુ છે. નવમા પદ પઢમં હવઈ મંગલં માં અક્ષરો નવ છે, તે નવે અક્ષરો લઘુ છે.

આ રીતે નવકાર મંત્રના છેલ્લા ચાર પદો કે જે ચૂલિકા કહેવાય છે, તેમાં કુલ ૩૩ અક્ષરો છે, તેમાંના ૪ ગુરુ અને ૨૯ લઘુ છે.

શ્રી મહાનિશીથ સૂત્રમાં નવકારને પાંચ અધ્યયન અને એક ચુલિકાવાળો કહ્યો છે, અને તેમાં અક્ષરોની સંખ્યા ઉપર જણાવવામાં આવી છે, તે મુજબ પ્રથમનાં પાંચ પદની ૩૫ અને પછીના ચાર પદની ૩૩ જણાવેલ છે. આલોક અને પરલોક એમ બંને લોકમાં ઈચ્છિત ફળને આપનાર, અદ્વિતીય શક્તિ સ્વરૂપ, શ્રીનમસ્કાર મંત્ર જયવંત વર્તો, કે જેનાં પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકરદેવોએ પંચતીર્થી તરીકે કહ્યાં છે. શ્રી જિનાગમના રહસ્યભૂત એવા જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યાં છે અને જેની આઠ સંપદાઓ અનુપમ શ્રેષ્ઠ આઠ મહાસિદ્ધિઓ તરીકે વર્ણવી છે.

શ્રી નવકાર કેમ ગણાય ?

શુદ્ધ થઈને, શ્વેત વસ્ત્રો પહેરીને, સાનુકૂળ ભૂમિતલ પ્રમાર્જીને, આસન બાંધીને, પૂર્વ યા ઉત્તર દિશા સન્મુખ બેસીને, સુતરની શ્વેત માળા લઈને, શ્વેત કટાસણું પાથરીને, ઉણોદરીવ્રતના પાલનપૂર્વક, ચિત્તને 'શિવમસ્તુ સર્વ જગતઃ' ની ભાવના વઠે વાસિત કરીને, દૃષ્ટિને નાસિકા અગ્રે સ્થાપીને, ધીરે ધીરે તેનો પ્રત્યેક અક્ષર આખા શરીરમાં ફરી વળે તેવી રીતે આપણે શ્રી નવકારનો જાપ કરવો જોઈએ. જાપનો સમય એક જ રાખવો જોઈએ. માળાની સંખ્યા પણ ચોક્કસ રાખવી જોઈએ. એટલે કે પાંચ માળા ગણવાના નિયમોવાળો પુણ્યશાળી આત્મા છ ગણી શકે પણ પાંચથી ઓછી નહીં જ.

જાપ માટેની માળા બદલવી ન જોઈએ. જાપ સમયે શરીર હાલવું ન જોઈએ. કમ્મર વળી જવી ન જોઈએ. માનસ જાપમાં હોઠ બંધ રહેવા જોઈએ તેમજ દાંત ખુલ્લા રહેવા જોઈએ. ઉપાંશુજાપમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રહેવો જોઈએ. ભાષ્યજાપમાં ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઈએ. જાપ પૂરો થાય તે પછી ઓછામાં ઓછી પાંચેક મિનિટ સુધી આંખો બંધ કરીને તે સ્થળમાં બેસી રહેવું જોઈએ.

એમ કરવાથી જાપજન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્ભૂત યોગ સધાય છે અને ક્યારેક ભાવ સમાધિની અણમોલ પળ પડી જાય છે. જાપ માટેનાં ઉપકરણોને પૂરેપૂરા બહુમાનપૂર્વક પવિત્ર જગ્યામાં રાખવાં જોઈએ. ઉપકરણો પ્રત્યેનો આપણો ભાવ શ્રીનવકાર પ્રત્યેના આપણા ભાવ ઉપર તથા પ્રકારની અસર પહોંચાડે જ છે.

જીભ એકલી જ નહિ, પરંતુ મન બરાબર શ્રી નવકાર ગણતાં શીખી જાય તે તરફ આપણું લક્ષ્ય રહેવું જોઈએ. એટલે મોટો ભાઈ, નાના ભાઈને કવિતા શીખવાડે તેમ આપણે મનરૂપી આપણા લઘુબંધુને સદ્ભાવપૂર્વક શ્રીનવકાર શીખવાડવો જોઈએ. મન શ્રીનવકારમાં પરોવાય છે એટલે બધી ઈન્દ્રિયો પણ તેમાં ઓતપ્રોત થાય છે.

શરીર ભીંજાયા સિવાય ન રહે તેમ શ્રીનવકારમાં પ્રવેશેલો પ્રાણ પણ શુભ ભાવ વડે ભીંજાય છે. જો ન ભીંજાય તો સમજવું કે આપણા પ્રાણનો અધિક ભાગ શ્રીનવકારની બહાર રહે છે. શ્રીનવકારની બહાર જન્મ, જરા અને મૃત્યુ છે. શ્રીનવકારની અંદર શાશ્વત સુખનો મહાસાગર છે. શાશ્વત સુખ પ્રત્યેનો આપણો યથાર્થ પક્ષપાત જ તારશે.

નવકાર મંત્ર કેમ ફળે ?

પ્રથમ નવકારનો શુદ્ધ પાઠ શ્રી સદ્ગુરુ ભગવંત પાસેથી ગ્રહણ કરવો. પ્રારંભમાં ઉચ્ચાર કરીને પાઠ કરતી વખતે નવકારના અક્ષરોમાં આત્માનો ઉપયોગ પરોવતા રહેવાની ટેવ પાડવી. સમયની અનુકૂળતા મુજબ નવકારનો ઉપયોગપૂર્વક શુદ્ધ પાઠ પ્રારંભમાં ૧૨ની સંખ્યામાં રોજ નિયમિત શરૂ કરવો. ઉપયોગપૂર્વક જપાયેલ એ ૧૨ની સંખ્યાને અનુકૂળતા મુજબ ૧૦૮ સુધી લઈ જવી. એ પછી અનુકૂળતા મુજબ એ સંખ્યાને ૩ બાંધી માળા (૩૨૪) સુધી

લઈ જવી. આ બધો જાપ આંગળીઓના વેઢા પર જ કરવો. જાપ વખતે સીધા, ટટ્ટાર બેસવું. આંખ બંધ રાખવી. મનમાં પરમેષ્ઠિઓની આકૃતિ કે નવકારના અક્ષરો વગેરે જોવાની કોઈ આવશ્યકતા પ્રારંભમાં નથી. પ્રારંભમાં તો એટલું જ કરવાનું કે નવકારના અક્ષરોના જે વાચિક કે માનસિક ઉચ્ચાર, જે આપણે પોતે કરીએ છીએ તેમાં જ આપણું ચિત્ત વધુ ને વધુ પરોવાતું જાય. આ રીતે છ મહિના સુધી અખંડ રીતે ૩૨૪ સંખ્યા કરનારના જીવનનું સૌથી મહત્વનું કાર્ય ફક્ત છ મહિનામાં સિદ્ધ થયાના ઘણાં દાખલાઓ છે.